# રાજ્યમાં ૨૪ કલાકમાં વધુ નવા ૧૩૩૨ કેસ

## કોરોનાથી કુલ મૃત્યુઆંક ૩૧૬૭ પર પહોંચ્યો : એક્ટિવ કેસની કુલ સંખ્યા ૧૬,૨૩૦ પર પહોંચી, જ્યારે ૯૧ લોકો વેન્ટિલેટર પર અને ૯૦,૨૩૦ લોકો ડિસ્ચાર્જ

ગાંધીનગર,તા.૧૦ રાજ્યમાં ૨૪ કલાકમાં રાજ્યમાં કુલ ૭૨,૧૫૧ ટેસ્ટ કરવામાં આવ્યા હતાં. જ્યારે રાજ્યમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ૧૬૨૩૦ થઈ છે. સંક્રમણથી સાજા થનારાની સંખ્યા ૯૦ હજારને પાર થઈ ૯૦,૨૩૦ થઈ છે. રાજ્યમાં ૨૪ કલાકમાં નવા ૧૩૩૨ કેસ નોંધાતા કોરોનાનો કુલ આંકડો પણ ૧૦૯૬૨૭પર પહોંચ્યો છે. ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના કુલ ૭૨,૧૫૧ ટેસ્ટ કરવામાં આવ્યાં હતાં. જેથી કુલ ટેસ્ટનો આંકડો પણ ૩૦,૭૩,૬૩૪ થયો છે. રાજ્યમાં ૧૩૩૨ નવા દર્દીઓ સામે ૧૪૧૫ દર્દીઓ સ્વસ્થ થયા છે. જેથી સ્વસ્થ દર્દીઓનો આંકડો પણ ૯૦ હજારને પાર થઈ ૯૦,૨૩૦ પર પહોંચ્યો છે. રાજ્યમાં દિવસે ને દિવસે કરોના સંક્રમિતની સામે સાજા થનારાઓની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે.

રાજ્યની વસ્તીને ધ્યાનમાં લેતા દસ લાખની વસ્તી સામે પ્રતિ દિવસે ૧૧૧૦.૦૧ ટેસ્ટ થાય છે. રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૬,૮૨,૨૯૮ વ્યક્તિઓને ક્વોરન્ટીન કરવામાં આવ્યાં છે. જે પૈકી ૬,૮૧,૮૩૯ વ્યક્તિઓ હોમ ક્વોરન્ટીનમાં છે અને ૪૫૯ વ્યક્તિઓને ફેસિલિટી ક્વોરન્ટીનમાં રાખવામાં આવ્યાં છે. આ ઉપરાંત રાજ્યમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ૧૬૨૩૦ છે. જેમાંથી ૯૧ દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યાં છે. જ્યારે ૧૬૧૩૯ની સ્થિતિ સ્ટેબલ છે. રાજ્યમાં કોરોના વાયરસનો કહેર દિવસે ને દિવસે વધી રહ્યો છે. રાજ્યમાં કોરોના વાયરસના સંક્રમણના કારણે કુલ રાજ્યમાં ૧૫ મોત નોંધાયા છે. જેમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૪, જામનગરમાં ૧, અમરેલીમાં ૨, સાબરકાંઠા અને સુરત કોર્પોરેશનમાં ૧-૧, સુરતમાં ૩,વડોદરા કોર્પોરેશનમાં ૧,રાજકોટ કોર્પોરેશનમાં ૧, ગાંધીનગરમાં ૧ મોત કોરોનાના કારણે નોંધાયા હતાં. જેથી હવે રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૩૧૬૭ થયો છે.

## પુલ એક ! જશ્નના દાવેદાર અનેક
## કોંગ્રેસ અને ભાજપે મેશ્વો નદી પર નિર્માણ થયેલ પુલનું અલગ-અલગ લોકાર્પણ કર્યું

અરવલ્લી જીલ્લામાં ચોમાસામાં ધોધમાર વરસાદ ખાબકતા કોઝવે પર પાણી ફરી



વળતા અનેક ગ્રામ્ય વિસ્તારો સંપર્ક વિહોણા બનતા હોવાની સાથે અવર-જવર અટકી જતા જનજીવન થંભી જતું હોય છે. ત્યારે મેઢાસણ જીલ્લા પંચાયત વિસ્તારના નાની ઈસરોલથી રામેશ્વર કંપા વચ્ચેથી પસાર થતી મેશ્વો નદી પર ૪.૧૨ કરોડના ખર્ચ પુલની નિર્માણ કરવામાં આવ્યું છે. મેશ્વો નદી પર બનેલ નવનિર્મિત પુલનો જશ ખાટવા ભાજપ અને કોંગ્રેસમાં રીતસર હોડ જામી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. એક જ પુલનું ભાજપ અને કોંગ્રેસે અલગ-અલગ લોકાર્પણ કર્યું હતું અને બંને રાજકીય પક્ષોએ નવનિર્મિત પુલ તેમની દેન હોવાનો દાવો કર્યો હતો જે સમગ્ર પંથકમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો. નાની ઈસરોલથી રામેશ્વર કંપાને જોડતા પુલના નિર્માણથી લોકોમાં આનંદ છવાયો હતો.

મોડાસા તાલુકાના નાની ઈસરોલથી રામેશ્વર કંપા વચ્ચેથી પસાર થતી મેશ્વો નદી પર પુલ બનાવવાની વર્ષો જૂની માંગણી સ્વીકારતા લોકોમાં આનંદ છવાયો હતો. પ્રધાનમંત્રી સડક યોજના હેઠળ ૪.૧૨ કરોડના ખર્ચે નાની



ઈસરોલથી જોડતા ૧૧૨ મીટર લંબાઈ ધરાવતા પુલનું નિર્માણ કરવામાં આવ્યું હતું. કોરોનાને લઈને પુલના લોકાર્પણનું કામ વિલંબમાં પડ્યું હતું ત્યારે ગુરુવારે ભાજપ જીલ્લા પંચાયત મેઢાસણ સીટના મહિલા સદસ્ય કમળાબેન પરમારે તેમના મત વિસ્તારના ભાજપના અગ્રણીઓ અને કાર્યકરોની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું અને તેમના પ્રયત્નોથી પુલનું ઝડપથી નિર્માણ કાર્ય કરવામાં આવ્યું હોવાનું જણાવી નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલનો આભાર વ્યક્ત કર્યો હતો, બીજી બાજુ કોંગ્રેસના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર અને પૂર્વ જીલ્લા પંચાયત વિપક્ષ નેતા અરુણ પટેલ, કોંગ્રેસ અગ્રણીઓ અને કાર્યકરો નાની ઈસરોલથી રામેશ્વર કંપાને જોડતા પુલનું લોકાર્પણ કરવા પહોંચ્યા હતા અને રીબીન કાપી પુલનું લોકાર્પણ કર્યું હતું. ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરે પુલના નિર્માણ માટે રાજ્ય સરકારમાં યોગ્ય ધારદાર રજુઆત કરતા પુલનું કામ શક્ય બન્યું હોવાનું કોંગ્રેસી અગ્રણીઓએ જણાવ્યું હતું.

## ખલવાડ પ્રાથમિક શાળામાં છાંયડો સેવા ટ્રસ્ટ ધ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૧૦ અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ખલવાડ ગામની ખલવાડ પ્રાથમીક શાળામાં છાંયડો સેવા ટ્રસ્ટ ધ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.શ્રી શામળાજી વિષ્ણું મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી અને છાંયડો સેવા ટ્રસ્ટના ટ્રસ્ટી સંસ્થાપક અભયસિંહ રાવ,મુખ્ય મહેમાન સંત રઘુવીરદાસજી (નિર્મોહી અખાડા),ભિલોડા તાલુકા વન મંડળીના ચેરમેન કાંતીભાઈ એમ.ખરાડી,ખલવાડ ગ્રૃપ ગ્રામ પંચાયત સરપંચ અશ્વિનભાઈ કલાસવા,વેજપુર ગ્રૃપ ગ્રામ પંચાયત સરપંચ જશુભાઈ અસારી,સામાજીક કાર્યકર શૈલેષભાઈ મોથલીયા સહિત સામાજીક કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. પર્યાવરણની જાળવણી અર્થે લોકો જાગૃત બને તે આશયથી વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. વધુ વૃક્ષ વાવો અને વધુ વરસાદ લાવોનું સુત્રના સાર્થક કર્યું હતું.

## અરવલ્લીના મોડાસા અને ભિલોડા ખાતે સાત પગલાં ખેડૂત કલ્યાણ કાર્યક્રમ યોજાયો

### બિન અનામત વર્ગ આયોગના ચેરમેન રશ્મીભાઇ પંડ્યાના હસ્તે મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજના અને કિસાન પરિવહન યોજનાના લાભાર્થીઓને મંજૂરીપત્રો એનાયત કરાયા

અરવલ્લી જિલ્લામાં ગુજરાત સરકારના કૃષિ ખેડૂત કલ્યાણ અને સરકાર વિભાગ દ્વારા સાત પગલાં ખેડૂત કલ્યાણના કાર્યકમ અંતર્ગત મુખ્યમંત્રી પાક સગ્રહ સ્ટ્રકચર યોજના અને કિશાન પરિવહન યોજનાના લોકાપર્ણ કાર્યકમ ગુજરાત રાજય બિન અનામત વર્ગ અયોગના ચેરમેન રશ્મીભાઈ પંડયાના અધ્યક્ષસ્થાને મોડાસા અને ભિલોડા ખાતે યોજાયો હતો.

મોડાસા શહેરના ભામાશા હોલમાં યોજાયેલ ખેડૂત કલ્યાણ કાર્યક્રમમાં ખેડૂતોને સંબોધતા ચેરમેને જણાવ્યુ હતુ કે રાજય સરકારે લોકડાઉનના સમયગાળા દરમિયાન ખેડૂતાના પડખે રહી આત્માનિર્ભર પેકેજ જાહેર કર્યુ તેમને મુખ્યમંત્રી કિસાન સહાય સાથે આવરી ખેડૂત કલ્યાણના સાત કદમ લીધા છે. જેમાં અતિવૃષ્ટિ જેવા સમયમાં ખેડૂતોને પાક બગડી ન જાય તે માટે પાકસંગ્રહ સ્ટ્રકચર સહાય તેમજ પાકેલા પાકને લાવવા માટે અને વેચાણ માટે કિસાન પરિવહનના સાધનો આપી ખેડૂતોને આર્થિક રીતે પગભર બનાવવા નક્કર કદમ લીધા છે. આ યોજનાનો મહત્મ લાભ લેવા ખેડૂતોને



અનુરોધ કરવામાં આવ્યો હતો.

જયારે ભિલોડા, મેધરજ, માલપુર તાલુકાના ખેડૂતો માટે ભિલોડાના શામળપુર ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ધરતીપુત્રોને સંબોધતા કહ્યુ હતું કે ખેડૂતોની આવક બમણી થાય, ખેડૂતો સમૃદ્ધ બને તે માટે રાજય સરકાર કટીબધ્ધ છે. ચાલુ વર્ષે રાજય સરકારે ખેડૂતો પાસેથી ૧૫ હજાર કરોડ રૂપિયાની કૃષિ પેદાશ ટેકાના ભાવે ખરીદી છે. ખેડૂતોને ઝીરો ટકાએ પાક ધિરાણ આપવામાં સહિતના ક્રાંતિકારી નિર્ણય લીધા છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ ગાંધીનગર સાત પગલાં ખેડૂત કલ્યાણ અંતર્ગત બે પગલાં એટલે કે મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રકચર યોજના અને કિસાન પરિવહન યોજનાના ઈ-લોકાર્પણ કરી ખેડૂતોને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા જયારે અરવલ્લી જિલ્લામાં ગુજરાત રાજયના બિન અનામત વર્ગ આયોગના ચેરમેન તથા મહાનુભાવોના હસ્તે લોડીંગ વાહન તથા ગોડાઉન બનાવવા માટેના મંજૂરીપત્ર આપવામાં આવ્યા હતા.


આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હંસાબેન પરમાર, ભિલોડા ખાતે ભિલોડાના ધારાસભ્ય ડૉ. અનિલ જોષીયારા, જીલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકર, જીલ્લા વિકાસ અધિકાર ડૉ.અનિલ ધામેલિયા, માર્કેટયાર્ડના ચેરમેન શામળભાઈ પટેલ, જિલ્લા ખેતીવાડી અધિકારી જે.આર. પટેલ, જિલ્લા અગ્રણી રણવીરસિહ ડાભી, ખેતીવાડી-બાગાયત વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ ખેડૂતો અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## બાયડ તાલુકાના કોજણ ગામ પ્રાથમિક શાળામાં ચોરો ત્રાટકયા

### ગ્રામજનો જાગી જતા પ્રાથમિક શાળામાં ચોરી કરવા આવેલ તસ્કરો ભાગ્યા : ત્રણ દિવસમાં ત્રણ જગ્યાએ ચોરી થતાં પોલીસની આબરૂના લીરેલીરા ઉડ્યા

બાયડ, તા. ૧૦ બાયડ તાલુકાની કોજણ ગામ પ્રાથમિક શાળાને તસ્કરોએ નિશાન બનાવી હતી. ત્યારે શાળામાં ચોરી કરવા આવેલ તસ્કરો ગ્રામજનો જાગી જતા તળાવ નજીક ટીવી ફેંકી નાસી છૂટયા હતા.

બાયડ તાલુકામાં ત્રણ દિવસમાં ૩ ચોરીઓના બનાવો બનતા લોકોમાં ભય ઉભો થયો હતો. તસ્કરો અત્યાર સુધી પોલીસ પકડથી દૂર છે. ચોરીઓના બનાવમાં સતત દિવસે ને દિવસે વધારો થઈ રહ્યો છે. બાયડ પી.એસ.આઈ.ની નિષ્ફળ કામગીરી સામે લોકોમા રોષ ભભૂકી ઉઠયો હતો. બાયડમાં



આવેલ સ્વામિનારાયણ સોસાયટી શ્રીનાથજી પાર્ક સોસાયટી ત્યાર પછી કોજણ પ્રાથમિક શાળાની તસ્કરોએ નિશાન બનાવી હતી. જોકે ગ્રામજનો જાગી જતા ચોરી કરવા આવેલ ચોરો ઉભી પૂંછડીએ ભાગ્યા હતા. વધુ પ્રાપ્ત માહિતી મુજબ કોજણ ગામ પ્રાથમિક શાળામાં તાળાં તોડી કોઈ જાણભેદુ તસ્કરોએ શાળામાંથી વિદ્યાર્થીઓની રામદુકાનની રોકડ રકમ રૂપિયા ૮૦૦ તથા વિડીયોકોન કલર ટીવી તથા મોટા સ્પિકરો મળી કુલ રૂપિયા ૧૩,૮૦૦નો મુદ્દામાલ ચોરાયો હોવાની ફરિયાદ બાયડ પોલીસમાં શાળાના શિક્ષક સોનલબેન બી. બારોટે નોંધાવી હતી.

## ભિલોડાના રીંટોડા નજીક હીટ એન્ડ રનની ઘટનામાં બાઈકનો કડૂચાલો

ભિલોડા, તા. ૧૦ અરવલ્લી જીલ્લામાં ટ્રાફિકના નિયમનો ઉલાળિયો કરી વાહનચાલકો બેફામ વાહન હંકારતા નિર્દોષ રાહદારીઓ અને



વાહનચાલકોને અડફેટે લેતા જીવ ગુમાવવો પડી રહ્યો છે. ભિલોડાના રીંટોડા ગામની સીમમાં હીટ એન્ડ રનની ઘટના સર્જાઈ હતી જેમાં બાઈકનો કડૂચાલો વળી ગયો હતો. બાઈક ચાલક યુવકનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. બાઈક પાછળ બેઠેલ યુવકના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો રીંટોડા નજીક કિશનગઢ ગામના આશાસ્પદ યુવકનું અકસ્માતમાં મોત નીપજતાં લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો.

અકસ્માતના પગલે દોડી આવેલ ભિલોડા પોલીસે કાર ચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

ભિલોડાના રીંટોડા નજીક કારે બાઈકને અડફેટે લેતા સર્જાયેલ અકસ્માતમાં કિશનગઢના યુવકનું મોત નીપજ્યું હતુ. બુધવારે સાંજના સુમારે કિશનગઢ ગામનો કિરણ લક્ષ્મણભાઈ કોટવાળ તેના મિત્ર જીગર સુરેશભાઈ અસારી સાથે કામકાજ અર્થે બાઈક લઈને નીકળ્યો હતો. બંને મિત્રો બાઈક લઈ રીંટોડા નજીકથી પસાર થતા હતા ત્યારે સામેથી આવી રહેલી કારના ચાલકે કાર ગફલતભરી રીતે પુરઝડપે હંકારી બાઈકને ધડાકાભેર અડફેટે લેતા બંને યુવકો રોડ પર પટકાયા હતા. અકસ્માત સર્જી કાર ચાલક અંધારાનો લાભ લઈ કાર ઘટનાસ્થળે મૂકી ફરાર થઈ ગયો હતો. અકસ્માતના પગલે આજુબાજુથી લોકો અને પસાર થતા વાહનચાલકોએ બંને ઈજાગ્રસ્ત યુવકોને સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા જેમાં બાઈક ચાલક કિરણ કોટવાળનું સારવાર દરમિયાન મોત નિપજતાં પરિવારજનોમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું હતું. ભિલોડા પોલીસે કાર ચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કારચાલકને ઝડપી પાડવા ગતિમાન કર્યા હતા.

### રાફેલ સામેલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ડિસ્પ્લે કર્યું હતું. રાફેલ ફાઈટર જેટ્સને વોટરકેનન સેલ્યૂટ પણ કરવામાં આવ્યું હતું. ભારત અને ચીન વચ્ચેની સરહદ પર ચાલી રહેલા તણાવ વચ્ચે આ સિદ્ધિ ભારત માટે ખૂબ મહત્વની માનવામાં આવે છે.

આ સમારોહમાં રક્ષા મંત્રી રાજનાથસિંહે સંબોધન કર્યું હતું. રક્ષામંત્રી રાજનાથ સિંહે સંબોધનમાં કહ્યું હતું કે, સર્વપ્રથમ હું ફ્રાન્સના રક્ષા મંત્રી ફ્લોરેન્સ પાર્લીનું હું મારા અને મારા દેશવાસીઓ વતી હાર્દિક સ્વાગત કરું છું.આ પ્રસંગે તમારી હાજરી વર્ષોથી ચાલતા અમારા મજબૂત સંરક્ષણ સહયોગને પ્રતિબિંબિત કરે છે. આ સમારોહમાં સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહ અને ફ્રાન્સના સંરક્ષણ પ્રધાન ફ્લોરેન્સ પર્લીએ સંબોધન કર્યું હતું. રાજનાથે પોતાના સંબોધનમાં ઈશારા-ઈશારામાં ચીનને આકરો સંદેશ આપતા કહ્યું કે અમારા સાર્વભૌમત્વ પર નજર રાખનાર લોકો માટે રાફેલનો સમાવેશ મહત્વનો છે. રાજનાથસિંહે વધુમાં જણાવ્યું હતું કે કોઈ પણ સંજોગોમાં અમે દેશના સાર્વભૌમત્વ અને અખંડિતતા સાથે સમાધાન કરીશું નહીં. રાજનાથ સિંહે વધુમાં કહ્યું હતુ કે,એરફોર્સમાં રાફેલનું સામેલ થવું તે દુશ્મન દેશોને ચેતવણી સમાન ગણાવ્યું હતું.

રાજનાથસિંહે વધુમાં જણાવ્યું હતું કે અમારી સરહદ પર જે પ્રકારનો માહોલ વર્તમાનમાં બન્યો છે અથવા તો સીધે-સીધું કહું તો બનાવવામાં આવ્યો છે, તેમના માટે, એરફોર્સમાં રાફેલનો આ સમાવેશ ખૂબ જ મહત્વપૂર્ણ છે. પ્રાદેશિક અખંડિતતા જાળવવાની સરકારની પ્રતિબદ્ધતાનું પણ આ એક ઉદાહરણ છે. બદલાતા સમય સાથે, આપણે પણ પોતાની જાતને તૈયાર કરવી પડશે.રાજનાથસિંહે વધુમાં જણાવ્યું હતું કે 'આજે આપણે જે તાકાત જોઈ શકીએ છીએ, તે વડાપ્રધાનની પ્રબળ ઈચ્છાશક્તિનું પરિણામ છે. અમારો ઉદ્દેશ્ય હંમેશા વિશ્વ શાંતિ માટેનો જ રહ્યો છે અને અમે ક્યારેય એવું કોઈ પગલું લીધું નથી જે શાંતિ ભંગ કરે.

### સૈનિકોનો ખડકલો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સૈનિકો ડંડાથી એકબીજા પર પ્રહાર કરતા નજરે પડે છે. આ ઘર્ષણ દરમિયાન કેટલાક સૈનિકો પાણીમાં પડી ગયા હતાં. ગલવાનમાં ૨૦ ભારતીય જવાન શહિદ થયા હતાં. પેંગોગનો ઉત્તરી વિસ્તારના આઠ જેટલા વિવિધ વિસ્તારોમાં ફિંગર એરિયામાં વહેચાયેલ છે. ભારતે દાવો કર્યો છે કે લાઈન ઓફ એચ્યુઅલ કન્ટ્રોલ (ન્છઝ્ર) ફિંગર આઠ સાથે શરૂ થાય છે અને ફિંગર ચાર સુધી જાય છે. ચીનની સેના ન્છઝ્રને માનતી નથી. ચીનના સૈનિક ન્છઝ્ર માનવા તૈયાર નથી. ચીનના સૈનિકો ફિંગર ચાર પાસે ગોઠવાયેલા છે. તે ફિંગર પાંચથી આઠ વચ્ચે નિર્માણ કાર્ય કરી રહ્યા છે. ૭ સપ્ટેમ્બરના રોજ દક્ષિણી વિસ્તારમાં ચીનના સૈનિકોએ ભારતીય પોસ્ટ તરફ આગળ વધવાનો પ્રયત્ન કર્યો હતો અને ચેતવણી માટે ફાયરિંગ કર્યું હતું. અહીં ભારતના સૈનિકોએ તેમને અટકાવ્યા હતા. આ ઘટનાની કેટલીક તસ્વીર પણ સામે આવી છે. જેમાં ચીનના સૈનિકો ભાલા, લોખંડના રોડ અને ધારદાર હથિયાર લઈ દેખાતા હતા.ભારતે કહ્યું હતુ કે જ્યારે ચીનના સૈનિકોએ તેમનો પોતાની પોસ્ટ તરફ આવતા

અટકાવ્યા તો તેમણે હવામાં ફાયરિંગ કર્યું હતું. આ અગાઉ ચીન કહેતુ હતું કે ફાયરિંગ ભારતીય જવાનોએ કર્યું છે. ભારતીય જવાનોએ આ વિસ્તારના બે શિખરો પર છે અને ભારતના સૈનિકોને અહીંથી હટાવવાનો ચીને પ્રયાસ કર્યો છે. ૩૧ ઓગસ્ટની બપોરે જ ચીનની સેનાએ ભારતીય વિસ્તાર પર કબ્જો કરવાનો પ્રયત્ન કર્યો હતો, જેને ભારતીય સેનાએ અટકાવ્યા હતા. ૨૯-૩૦ ઓગસ્ટનાની રાત્રે ચીનના ષડયંત્રને નિષ્ફળ બનાવ્યું હતું. ભારતીય સેનાએ પેંગોંગ સરોવરના દક્ષિણ ભાગમાં મહત્વના શિખર, બ્લેક ટોપ અને હેલમેટ ટોપ પર કબ્જો કર્યો હતો.

### આક્રમક પ્રહારો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અને શિવસેના વચ્ચેનો વિવાદ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી રહ્યો છે. શિવસેનાએ હવે કંગના સામે સીએમ વિરૂધ્ધ અપમાનજનક ભાષાનો ઉપયોગ કરવા માટે મુંબઈમાં પલીસ ફરિયાદ નોંધાવી છે. જેમાં આરોપ મુકાયો છે કે, ઉધ્ધવ ઠાકરે સામે કંગનાએ અપમાનજનક ભાષાનો ઉપયોગ કર્યો હતો. આ ફરિયાદની સાથે કંગનાના ટ્વિટ પણ એટેચ કરવામાં આવ્યા છે. કંગનાએ પોતાની ઓફિસમાં બીએમસીએ કરેલી તોડફોડ બાદ ઉધ્ધવ ઠાકરેને ચેતવણી આપીને કહ્યુ હતુ કે, આજે મારૂ ઘર તુટ્યુ છે અને્ કાલે તારો ઘમંડ તુટશે. કંગનાએ ઉધ્ધને તુકારાથી સંબોધન કર્યુ હતુ અને આ વાત ચર્ચાનો વિષય રહી હતી.

### નવા ૧૯ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે ગાંધીનગર ખસેડવાની કામગીરી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે. કલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે બે કેસ અને અર્બન વિસ્તારમાંથી એક કેસ મળી આવેલ છે. કલોલના સેમી અર્બન વિલેજ બોરીસણામાંથી ૬૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત નારદીપુર ગામેથી પણ એક ૩૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જિલ્લાતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે ૧૯ નવા કેસ નોંધાયા છે અને ૧૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાંથી અત્યાર સુધીમાં ૧૫૩૩ દર્દી કોરોના મુક્ત થયા છે. જિલ્લામાં હાલ ૧૬૭ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૯૦૧૮ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

### ૧૭ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૭ માંથી પણ ૩ કેસ મળ્યા છે. કોરોના માટે સે. ૭ સંવેદનશીલ બની જતાં તંત્રની ચિંતા વધી છે. મળતી વિગતો પ્રમાણે સે. ૭ માં રહેતી અને ગાંધીનગર સિવિલમાં લેબ. ટેકનીશ્યન તરીકે સેવાઓ આપતી ૪૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૭ માંથી જ એક ૬૯ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત સે. ૭ માંથી ૬૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૩ માંથી પણ ૨ કેસ મળ્યા છે. સે. ૩ માં એક ૬૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. બેંક ઓફ બરોડાની અમદાવાદની નારણપુરા શાખામાં આસિ. મેનેજર તરીકે ફરજો બજાવતા ૫૯ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ગાંધીનગરની હાઈટેક હોસ્પિટલમાં આસિ. ઓ.ટી. તરીકે સેવાઓ બજાવતા અને ઈન્દ્રોડા ખાતે રહેતા ૨૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તે સારવાર માટે હાઈટેક હોસ્પિટલમાં જ દાખલ થયા છે. સે. ૨૨ માંથી બે કેસ મળ્યા છે. સે. ૨૨માં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. મળતી વિગતો પ્રમાણે ડી.એસ.પી. ઓફિસમાં પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે ફરજો બજાવતા અને સે. ૨૨ માં રહેતા ૩૭ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ અધિકારીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત પોલીસ ભવનમાં કોન્સ્ટેબલ તરીકે ફરજો બજાવતા અને સે. ૨૨માં રહેતા એક જવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ગિફ્ટીસીટી ખાતે આવેલ બેંક ઓફ બરોડામાં કેશિયર તરીકે નોકરી કરતા અને સે. ૩૦ માં રહેતા ૨૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૮ માં રહેતા અને મેઘમલ્હાર કોમ્પલેક્સમાં સેવારત એક ૪૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨ માંથી પણ આજે ૩ કેસ મળ્યા છે. જેમાં સે. ૨ માં રહેતી અને અને સરદાર કોર્પોરેશનમાં આસિ. મેનેજર તરીકે નોકરી કરતી ૩૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨ માંથી એક ૬૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત એક ૭૯ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પણ આજ સેક્ટરમાંથી પોઝીટીવ આવ્યો છે. તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

### ખાતમુહૂર્ત કરાયું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર વિસ્તારના લોકોને હું અપીલ કરું છું કે, ''આપણે વધુમાં વધુ જાગૃત રહીએ, ઓછામાં ઓછું બહાર નીકળીએ, સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરીએ, જેટલું થાય તેટલું ઈ-લોકાર્પણ કરીએ. આપણે વહીવટી પ્રક્રિયાને ધીમી ન થવા દઈએ. વિકાસ પણ ચાલે, વહીવટી કામો પણ ચાલે અને કોરાનાથી બચવાનો સફળ રસ્તો પણ અખત્યાર થાય એ રીતે કામ આગળ ધપાવીએ.'' તેમણે જણાવ્યું હતું કે, ''વિકાસના આ કામોથી ગાંધીનગરના નાગરિકોને રસ્તાઓની સુવિધા. મળશે. મોટી આદરજમાં ૧૧ ક્લાસરૂમ વધવાથી કન્યા કેળવણી થશે. વિકાસના કામોના આ એક જ કાર્યક્રમમાં વહીવટીતંત્રએ તમામ કામો કર્યા છે.''

આ પ્રસંગે તેમણે ગાંધીનગર શહેર અને જિલ્લાના કાર્યકરોનો આભાર માન્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, ભાજપના કાર્યકરો કોરોના કાળમાં જનતાની સાથે ખભે ખભો મિલાવને લડ્યા છે. તેમણે માસ્ક. સેનિટાઈઝ કે દવાઓનું વિતરણ કર્યું છે અને દર્દીઓને હોસ્પિટલમાં ખસેડવામાં પણ મદદ કરી છે. હું તેનાથી માહિતગાર છું. ભાજપનો કાર્યકર્તા પગ વાળીને બેઠો નથી. તેઓ અભિનંદનના અધિકારી છે. હું મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી શ્રી નિતિનભાઈ પટેલ, ધારાસભ્યો અને કાઉન્સિલરોનો હૃદયથી આભાર માનું છું. શ્રી વિજયભાઈ અને શ્રી નીતિનભાઈના નેતૃત્વમાં ગાંધીનગર દેશનું આદર્શ લોકસભા ક્ષેત્ર બનશે એવી આશા છે.

શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, ગાંધીનગર ક્ષેત્રમાં પ્રચંડ બહુમતીથી વિજેતા બન્યા બાદ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ આ વિસ્તારનું પ્રતિનિધિત્વ કરવાની મને તક મળી હતી. વિજેતા બન્યા પછી પ્રથમ વાર હું ગાંધીનગર આવ્યો ત્યારે મેં કહ્યું હતું કે, ગાંધીનગર વિકાસમાં પ્રથમ રહે એ મારી જવાબદારી છે. પણ કોરાનાને કારણે વિકાસની ગતિ ધીમી પડી છે. હું મતદારોને વિશ્વાસ આપું છું કે આપણી પ્રાથમિકતા કોરોના સામે લડવાની છે પણ કોરોના દેશનો વિકાસ ધીમો નહીં પડવા દે. કોરોનાના સમયમાં ટુંકા ગાળામાં આ વિકાસના કામોનું આયોજન થયું હતું હવે આ સુવિધા વધવાથી નાગરિકોની સુવિધા વધશે અને સંવાદનો સેતુ સ્થપાશે. તેમણે જણાવ્યું હતું કે, ગાંધીનગર મતક્ષેત્ર દેશનું આદર્શ લોકસભા ક્ષેત્ર બનશે એવી હું અપેક્ષા રાખું છું. રૂપાલ ગામ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ઉપસ્થિત રાજયના નાયબ મુખ્ય મંત્રી શ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નયા ભારત, આધુનિક અને આત્મનિર્ભર ભારત, સમૃધ્ધ ભારતના સંકલ્પને પરિપૂર્ણ કરવા ગુજરાત રાજય હંમેશા અગ્રેસર રહી અવિરત વિકાસ કૂચ પર આગળ વધી રહ્યું છે. ગાંધીનગર સંસદીય મત વિસ્તારના સાંસદ અને દેશના ગૃહ મંત્રી માન. શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર જિલ્લામાં પ્રજાકલ્યાણના કામો અને સર્વાંગી વિકાસને ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્રએ હરહમેંશ અગ્રિમતા આપી છે.